ચારુતર વિદ્યામંડળસંચાલિત સીડીસીમાં નેટની પરીક્ષા માટે કોચિંગનો આરંભ

વલ્લભ વિદ્યાનગર, તા.૧૯

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત એચ. એમ. પટેલ કરિયર ડેવલપમેન્ટ સેન્ટર(સીડીસી)માં આગામી ૩ એપ્રિલથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(યુજીસી) દ્વારા લેવાતી નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (નેટ)ની તાલીમના વર્ગો શરૂ કરવાની જાહેરાત સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈએ કરી છે.

સીવીએમના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલે વલ્લભ વિદ્યાનગર કેમ્પસમાં કૉલેજ અધ્યાપકો માટેની રા"ટ્રીય યોગ્યતા પરીક્ષા માટેની તાલીમની સુવિધા સીડીસીમાં શરૂ કરવાની દરખાસ્તને મંજૂરી આપી હતી. દર વર્ષે જૂન અને ડિસેમ્બર મહિનામાં યુજીસી નેટની પરીક્ષા લે છે. ગુજરાતનાં ખૂબ ઓછા પ્રમાણમાં વિદ્યાર્થી કૉલેજમાં અધ્યાપક બનવા માટેની ન્યૂનતમ લાયકાતની આ પરીક્ષામાં પાસ થતાં હોવાથી ચારુતર વિદ્યામંડળે નેટની પરીક્ષા માટે પસંદગીના વિષયોમાં તાલીમની સુવિધાનો આરંભ કરવાનો નિર્ણય કર્યો હોવાનું સીડીસીના નિયામક ડૉ.દેસાઈએ જણાવ્યું હતું.

ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, કૉમર્સ અને અર્થશાસ્ત્રમાં નેટની પરીક્ષાની તૈયારી માટે નેટ અને જેઆરએફ થયેલી ફૅકલ્ટી સહિતના નિષ્ણાતો સીડીસીમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓની બૅચને એપ્રિલ-મે દરમિયાન માર્ગદર્શન આપશે. એના સંયોજક તરીકેની જવાબદારી નેટ-જેઆરએફ થયેલા ડૉ.શિવપ્રસાદ શુકલને સોંપવામાં આવી છે. તાલીમ વર્ગોમાં જોડાવા ઈચ્છુકોને સત્વરે એચ. એમ. પટેલ સીડીસીનો (૦૨૬૯૨) ૨૩૪૨૬૬ અથવા ૯૮૯૮૧૩૩૭૯૦ (પ્રતીક મુખરજી), ૯૪૦૯૨ ૧૪૬૧૯ (ડૉ. શિવપ્રસાદ શુકલ) પર સંપર્ક કરવા જણાવ્યું છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દિલ્હીની ટીમે આજે પ્રાંતિજ તાલુકાના મજરા સ્થિત મજરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ટીમના સભ્ય સંગીતાદાસ ગુપ્તા, તાલુકા હોલ્થ ઓફિસર ડૉ.ગૌતમ નાયક તેમજ ડૉ. યાદવ દ્વારા આરોગ્યલક્ષી ચર્ચાઓ કરી જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ)

દાંતીવાડા તાલુકા પંચાયત શૌચાલયની દિવાલો બિભત્સ લખાણોથી ચિતરાઈ

દાંતીવાડા, તા. ૧૯

દાંતીવાડા તાલુકા પંચાયતના જાહેર શૌચાલયમાં કોઈ અજાણ્યા શખ્સ મારફતે રાજકીય નેતાઓ

પોલીસ તંત્ર અને વકીલોના વિશે બિભત્સ લખાણો લખતા ભારે ચકચાર મચી જવા પામી છે. હાલ આ ચર્ચાએ ટોક ઓફ ધ ટાઉન બની છે અને આ પ્રકારની હરકત કોણે કરી છે તે અંગે લોકોમાં તરેહતરેહની ચર્ચા પણ થઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકા પંચાયત કચેરીના જાહેર શૌચાલયમાં કોઈ અજાણ્યા શખ્સ મારફતે શૌચાલયના દરવાજાની અંદરની બાજુએ રાજયના મુખ્યમંત્રી, જિલ્લા પોલીસ વડા સહિત પોલીસતંત્ર અને વકીલો વિશે બિભત્સ ગાળો, લખાણો લખ્યા છે. જો માં બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ, જિલ્લાના તમામ પોલીસ મથકોમાંથી રૂપિયા ઉઘરાવીને ૮૦ લાખનો હપ્તો મુખ્યમંત્રીને મોકલે છે. ઉપરાંત પોલીસ તંત્ર અને વકીલો વિશે પણ બિભત્સ ભાષામાં લખાણો લખવામાં આવ્યા છે. આ વાત વાયુવેગે પ્રસરતા તંત્રના અધિકારીઓ સહિત કર્મચારી અને રાજકીય લોકોમાં ભારે ચકચાર મચી જવા પામી છે. હાલ લોકોમાં આ વિષય ચર્ચાનો મુદ્દો બન્યા છે. તો બીજી તરફ આ ઘટનાની વાતથી તાલુકા વિકાસ અધિકારી તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ અજાણ છે ? અને ખરેખર અજાણ હોય તો જવાબદારીના ભાગરૂપે તેઓ પંચાયત બિલ્ડીંગનું ધ્યાન રાખવા નિષ્ક્રિય છે તો શું તાલુકાનું પણ ધ્યાન આજ રીતે રાખે છે. તેવા સવાલો પણ લોકોમાં ઉઠવા લાગ્યા છે. ત્યારે આટલી સરમજનક ઘટના સામે તંત્ર શું પગલા લેશે એ તો આવનાર સમય જ દેખાડશે.

એટીએમમાં રૂપિયા જમા કરાવવાના બહાને

રૂપિયા ૧૨ લાખની ચોરી કરી ભાગી ગયેલો બેંકનો કર્મચારી આખરે ઝડપાયો

પાટણ, તા.૧૯

પાટણ સ્થિત સિધ્ધપુર ચાર રસ્તા ખાતે આવેલ નવજીવન હોટલમાં એક શંકાસ્પદ ઈસમની પોલીસને બાતમી મળતા પાટણ એલ.સી.બી. પોલીસે હોટલના રૂમમાં દરોડો પાડી શંકાસ્પદ ઈસમને ઝડપી પાડયો હતો અને અંદાજે રૂ. ૧૧ લાખથી વધુ ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કરી ઈસમની સઘન પુછપરછ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પાટણ સિધ્ધપુર ચાર રસ્તા ખાતે આવેલી નવજીવન હોટલમાં એક ઈસમ છેલ્લા ઘણા સમયથી રોકાયો હતો અને તેની પાસે મોટી સંખ્યામાં રોકડ રકમ હોવાની બાતમી એ.એસ.આઈ. વેલાભાઈને મળી હતી જેથી તેમણે આ અંગેની હકિકત પાટણ પોલીસ અધિક્ષક પરીક્ષીતાબેન રાઠોડને જાણ કરતા તેમણે પાટણ એલસીબી પોલીસને આ અંગે તપાસ કરવા આદેશ કર્યા હતા.

આ અનુસંધાને પાટણ એલસીબી પોલીસે આજે નવજીવન હોટલ ખાતેના રૂમ નં. ૨૦૮માં રહેલા હાર્દિક ભટ્ટને ઝડપી પાડયો હતો અને તેની તપાસ કરતા તેની પાસેથી રૂ. ૧૦૦ અને રૂ. ૫૦૦ના દરની કુલ ૧૧,૭૬,૮૦૦ની રોકડ રકમ, વિવિધ બેંકોના એટીએમ કાર્ડ, લેપટોપ, ડીવીડી રાઈટર બે સીમ કાર્ડ સહિતનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો. પોલીસે તેની સઘન પુછપરછ હાથ ધરી હતી. જેમાં આ યુવાન ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના જાસપુર ગામનો રહેવાસી હોવાનું ખુલ્યું હતું અને તે અમદાવાદની એક ખાનગી કંપનીમાં કે જેણે અમદાવાદના નવા વાડજ-સેટેલાઈટ તેમજ બોપલ વિસ્તારમાં એટીએમ મશીનોમાં પૈસા મુકવાની જવાબદારી સ્વીકારી હતી તેના કસ્ટોડીયન તરીકેની નોકરી આ યુવાન કરતો હતો અને જેણે કેટલાક સમય પહેલા આ રૂપિયાની ઉઠાંતરી કરી ભાગી છુટયો હતો. જે અંગેની પોલિસ ફરિયાદ અમદાવાદના નારણપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી ત્યારે હાલ પાટણ એલસીબી પોલીસે આ આરોપીને ઝડપી લઈ રૂ.૧૨ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મહેસાણા બન્યુ ક્રાઈમ કેપિટલ : કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લામાં હમણાંથી ધાડ, લૂંટ, ખૂન, વાહનચોરી, અન્ય ચોરીઓના વધતા જતા ગંભીર ગુનાઓની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે. છેલ્લા દશેક દિવસમાંજ હત્યાના પાંચ ગુનાઓ નોંધાતા લોકોમાં અસલામતિની લાગણી પેદા થઈ છે. તાજેતરમાં મહેસાણા શહેરમાં સિદ્ધપુરના ભંગારના વેપારીની હત્યા થઈ હતી. બાદ હોળીના દિવસે પગપાળા સંઘ પર મહેસાણા નજીક હાઈવે પર થયેલ હૂમલામાં એક યુવાન વ્યક્તિનું મોત થયું હતું. ત્યારબાદ વિજાપુર ખાતે રહેતા એક વ્યક્તિનું કથિત પૈસાની લેવડદેવડના મામલે તેમના જ કહેવાતા ભાગીદારો અને અન્ય ઈસમોએ મોટરકારમાં અપહરણ કરી તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી લાશને મહેસાણા તાલુકાના નુપર અને નગુજા વચ્ચે નાંખી દીધી હતી. ત્યારબાદ કડી તાલુકાના ડાંગરવા ગામે રહેતા ધોરણ-૧૦ની પરીક્ષા આપવા ગયેલ ત્રણ વિદ્યાર્થીઓ પર નજીકના વડુ ગામના કેટલીક ઈસમોએ બાઈક-અમદાવાદથી સામાન્ય બાબતમાં વિદ્યાર્થીઓને મોટરકારથી ટક્કર મારી ત્રણ પૈકી બે વિદ્યાર્થીઓને કચડી નાંખ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા ગામમાં ભારે હાહાકાર મચી ગયો છે.

કડી તાલુકાના ડાંગરવા ગામના દરબાર જ્ઞાતિના બે વિદ્યાર્થીઓની હત્યાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી. આ બનાવથી લાગણીવશ બનીને ઉશ્કેરાયેલા ટોળાએ નજીકના વડુ ગામે જઈ રાત્રીના સમયે ત્રણ બાઈક એક ટ્રેક્ટર, બે મકાન અને ત્રણ દુકાનને આગ ચાંપી હતી. અને ભારે તોડફોડ મચાવી દેતા લોકોમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. સમગ્ર વિસ્તારમાં ભારે તંગદીલી છવાઈ ગઈ હતી. અત્રે સ્થિતિ તંગ બની જતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોલીસ કાફલા સાથએ દોડી ગયા હતા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. હાલ વડુ ગામે એસ.આર.પી. સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીઓનો બંદોબસ્ત ગોઠવાયો છે તેમ છતાં પરિસ્થિતિ ભારેલા અગ્નિ જેવી હોવાનું કહેવાય છે.

આ ઉપરાંત મહેસાણા નજીકના ભાસરીયા ગામે દારૂ અંગે દરોડો પાડવા ગયેલ મહિલા પો.સ.ઈ. અને બે સામાહિકના પત્રકારો પર થયેલ હૂમલા સંદર્ભે મહિલા પો.સ.ઈ. અને જિલ્લા પોલીસ વડા વચ્ચે ગજગ્રાહ ઉભો થતાં પોલીસ બેડા સહિત આમજનતામાં ભારે ચકચાર જાગી છે. આ બનાવ અંગે મહિલા પોલીસ અધિકારીએ ધાડની ફરિયાદ નોંધાવી છે. તો સામે કથિત બુટલેગરોએ લૂંટની ફરિયાદ નોંધાવતા માહોલ ગરમાયો છે.

થરાદ સરપંચ એસોસિએશનના પ્રમુખ આપ પાર્ટીમાં જોડાયા

પાલનપુર, તા. ૧૯

આમ આદમી પાર્ટીએ દેશભરમાં પોતાનું સંગઠન મજબૂત બનાવી રહી છે ત્યારે આપ પાર્ટીમાં સભ્યોનો ઘસારો જોવા મળી રહ્યો છે. બનાસકાંઠા લોકસભા ઉમેદવાર તરીકે સંજય રાવલને જાહેર કરાતા જિલ્લામાં આપની લહેર ચાલી રહી છે. આજરોજ થરાદ તાલુકાના સરપંચ એસોસિએશન અને ઈઢાવા ગ્રામ પંચાયતના સરપંચ હિંમતલાલ દવે પોતાના સમર્થકો સાથે જોડાયા છે. તેમજ ખિમત ગ્રામ પંચાયતના સદસ્ય દેવાભાઈ પરમાર અને પૂર્વ સદસ્ય વિજુભા ઠાકોર દ્વારા આપ પાર્ટીનું ઝાડુ પકડી ભ્રષ્ટાચાર રૂપી સફાઈ કરશે તેમ જણાવ્યુ હતુ.

ચાર તમંચા સાથે બગોદરાના શખ્સની અંતે ધરપકડ કરાઈ

વિશાલા સર્કલ પાસેથી ૩૦૯૦૦૦નો મુદ્દામાલ સાથે શખ્સ ઝડપાયો : શખ્સની આકરી પુછપરછ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે જુહાપુરા વિશાલા સર્કલ પાસેથી ચાર દેશી તમંચા તથા કાર સાથે બગોદરાના શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમબ્રાન્ચની ટીમે પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે પપ વર્ષીય રણછોડભાઈ ગલાભાઈ બોળીયાને ઝડપી તેમના કબ્જામાંથી ચાર દેશી તમંચા, મોબાઈલ ફોન તથા કાર મળી કુલ રૂા. ૩,૦૯,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. દેશી તમંચા સાથે પકડાયેલ રણછોડભાઈ ગલાભાઈ બોળીયા બગોદરા ગામમાં ખેતી તથા પશુપાલનનો વ્યવસાય કરે છે. પકડાયેલ આરોપીની અગાઉ સરપંચની ચૂંટણીમાં જૂથ અથડામણ થઈ હતી. તેની અદાવતમાં પોતાના સ્વરક્ષણ માટે આ હથિયાર રાખતો હતો. તે અગાઉ બગોદરા પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં પકડાયેલ હોવાનું પણ જાણવા મળ્યું છે. આરોપીઓને હથિયાર અંગે પૂછતા જાણવા મળ્યું છે કે આ હથિયાર તેણે મધ્યપ્રદેશથી મનોજ નામના વ્યક્તિ પાસેથી લીધા હતા. શહેરમાં ગુનાખોરીના પ્રમાણને ઘટાડવા માટે પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે વિવિધ પગલા લેવામાં આવે છે તેમ છતાં પોલીસની આંખ નીચેથી શહેરમાંથી સમયાંતરે વિવિધ પ્રકારના ગુનાખોરીમાં ઉપયોગમાં લેવાતા હથિયારો મળી આવે છે.

ડીસામાં ખોડિયાર પાર્ક સોસાયટી પાસે સાડા ત્રણ લાખની લુંટ

ડીસા, તા. ૧૯

ગુજરાત હવે ક્રાઈમ સ્ટેટ બની રહ્યું છે. રાજ્યમાં ચોરી,લુંટ, ફાયરીંગ જેવી ઘટનાઓ પોલીસ દફતરે રૂટીંગ ક્રાઈમ બન્યું છે. તો સામા પક્ષે પોલીસ આ ભયજનક ક્રાઈમને ૧૦૦ ટકા ડિટેક કરવાની જગ્યા એ માત્ર કાગળ પરના એક્શન પ્લાન બનાવતા નાગરિકોની માલ-મિલકત અસલામત બનેલ છે. અને ચોર-ચક્કા બેફામ બનતા વેપારી રાજ્ય તરીકે ખ્યાતનામ ગુજરાત હવે ક્રાઈમ સ્ટેટ દરજ્જા તરફ ભયજનક આગળ વધતા હવે મેગા સીટી બાદ નાના શહેરોમાં પણ લૂંટના બનાવો બની રહ્યા છે જેમાં ડીસામાં ગત મોડી રાત્રે ત્રણ અજાણ્યા લુંટારા ત્રાટક્યા હતા તેમને આંગડીયા કર્મચારીને આંતરી, માર મારી તેની પાસેના રૂપિયા સાડા ત્રણ લાખ લુંટી લીધા હતા. માત્ર બે મિનિટમાં લાખોની લુંટને અંજામ આપી આ લુટારા અંધકારમાં રફુચક્કર થઈ ગયા હતા.

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં મોડીરાત્રે એક સનસનીખેજ લુંટની ઘટના પ્રકાશમાં આવેલી છે. જેની વિગતો જોઈએ તો પાલનપુરની જે.કે. આંગડીયા પેઢીમાં કામ કરતા મોહનલાલ જેઠાલાલ ઠક્કર ગત મોડી રાત્રે પોતાના ઘેર ખોડિયાર પાર્ક સોસાયટી નજીક પહોંચ્યા હતા ત્યારે અગાઉથી ઘાત લગાવી બેઠેલા બે અજાણ્યા લુટારૂઓએ તેમને ઘર નજીક આંતર્યા હતા અને તેમના પાસેથી કપડાની થેલીમાં રાખેલા રૂપિયા સાડા ત્રણ લાખ ઝપાઝપી કરી લુંટી લીધા હતા. જે બાદ આ બન્ને અને બાજુની ગલીમાં ઉભેલો તેમનો અન્ય સાથીદાર કાળા કલરની પલ્સર મોટર સાયકલ લઈ ભાગી ગયા હતા જે બાદ આંગડીયા પેઢી કર્મચારી મોહનલાલ જેઠાલાલ ઠક્કર દ્વારા આ મામલાની ઉત્તર પોલીસને જાણ કરાતા પોલીસે અજાણ્યા ત્રણ લુંટારાઓ સામે લુંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ડીસાના મહેસૂલ વિભાગની ત્રિપુટી ત્રણ હજારની લાંચ લેતા ઝડપાઈ

ડીસા, તા. ૧૯

ડીસા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા ત્રણ મહેસુલી કર્મચારી એક ખેડૂતને કોર્ટમાં જામીનગીરી હેતુ રજુ કરવો પડતો દારપણાનો દાખલો કાઢી આપવાના કેસમાં રૂ. ૩૦૦૦ ની લાંચ સ્વીકારતા એ.સી.બી.ના છટકામાં ઝડપાયા હતા. આ તમામ સામે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગુનો દાખલ કરાયેલ છે અને તમામની ધરપકડ કરાઈ હતી. એસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાતા લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપેલ છે.

આ ઘટનાની વિગત પ્રકાશમાં આવેલી વિગતો જોઈએ તો બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભુરાલ ગામના રહીશ કેશુજી ડોસજી સોલંકીને તેમના સગાને કોર્ટમાંથી જામીન પર છોડવાના હતા જેના માટે કોર્ટમાં રૂપિયા પચાસ હજારનું સોલવન્સી સર્ટીફીકેટ (દારપણાનો દાખલો)ની જરૂર પડી હતી, જેથી તેમને ડીસા મામલતદાર કચેરીમાં અરજી કરી, જે બાદ સર્કલે આ અરજી ડીસાના મહેસુલ નાયબ મામલતદાર પી.એન. ભાટીને મોકલતા તેમને અરજદાર એવા કેશુજી ડોસજી સોલંકી પાસે ગત ૧૪-૩-૨૦૧૪ના રોજ રૂપિયા ચાર હજારની માંગ કરી હતી, જો કે તેનાથી નારાજ થયેલ ફરિયાદી કેશુજી ડોસજી સોલંકીએ એ.સી.બી. કચેરી પાલનપુરનો સંપર્ક કરી ફરિયાદ આપી હતી.

ઉપરોક્ત ફરિયાદ આધારે પો.ઈ., પી.ડી. મણવર પાલનપુર એ.સી.બી. પો. સ્ટે.નાએ બે રાજ્ય સેવકોની પંચ તરીકે મદદ મેળવી, એ.સી.બી. ટ્રેપીંગ પાર્ટીના માણસોને સાથે રાખી, હકીકતથી વાકેફ કરી ગઈકાલે મંગળવારે સાંજના સમયે ડીસાની મામલતદાર ઓફીસમાં આવેલ મહેસુલ શાખામાં લાંચના છટકાનું આયોજન કરેલ, આ લાંચના છટકા દરમિયાન પંચ સાહેદની હાજરીમાં મહેસુલ નાયબ મામલતદાર પી.એમ. ભાટી ફરીયાદી પાસે લાંચના રૂ. ૪૦૦૦ ઈશારાથી તેમના તાબા તળેના તલાટી કમ મંત્રી ભરત ભલાજી રાજપૂતને આપવા ઈશારો કરેલ, અને તે બાદ આ રકમ લેવા પટાવાળા અનુપજી હેમરાજજી વાઘેલા ઓફીસ બહાર ગયેલા અને ફરિયાદી પાસેથી ચાર હજાર ની જગ્યાએ થોડા ઓછામાં પતાવત કરી રૂપિયા ૩,૦૦૦ સ્વીકારેલા અને આ રકમ તલાટી કમ મંત્રી ભરત ભલાજી રાજપૂતને આપેલી. આમ આ ત્રણ મહેસુલી કર્મચારી એકબીજાની મદદગારીએ લાંચ માંગી સ્વીકારતા ગોઠવેલ લાંચના છટકામાં ઝડપાઈ જવા પામેલ છે.

જેથી ઉપરોક્ત આરોપી પી.એન. ભાટી, નાયબ મામલતદાર મહેસુલ ડીસા મામલતદાર કચેરી, તલાટી કમ મંત્રી ભરત ભલાજી રાજપૂત તેમજ પટાવાળા અનુપજી હેમરાજજી વાઘેલા વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમો ૭, ૧૩(૧)(ઘ) મુજબની જોગવાઈઓ હેઠળ સરકાર તરફે એ.સી.બી. પાલનપુર બ્રાંચના પી.આઈ. પી.ડી. મનવરે પાલનપુર એ.સી.બી. દફતરે ગુનો દાખલ કરી તમામની ધરપકડ કરી હતી અને આ મામલે તપાસ હાથ ધરેલ છે. જેનાથી લાંચિયા અધિકારીગણમાં સોપો પડી ગયો છે.

વિદેશી ચલણ તેમજ ચોરીના મુદ્દામાલ સાથે એક ઝડપાયો

જુદી જુદી કંપનીના અનેક મોબાઈલ, કેમેરા, બાઈક સહિત ૪૬૪૯૫નો મુદ્દામાલ કબજે

અમદાવાદ, તા.૧૯

વિદેશી ચલણ તેમજ ચોરીના મુદ્દામાલ સાથે અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે રીઢા ઘરફોડ ચોરને પકડી પાડવામાં સફળતા મળી છે. ક્રાઈમબ્રાન્ચના સ્ટાફના માણસોએ પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે ઘોડાસર કેડીલાબ્રીજ નીચે વોચ દરમ્યાન આરોપી જગદીશભાઈ ઉર્ફે ગુરખા નરબહાદુરસિંહ ગુરખા (રહે. વટવા) તતા વિક્રમસિંગ ઉર્ફે વીકી વિજયસિંગ ઠાકુર (રહે. વટવા)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓના કબ્જામાંથી ચોરીના જુદા-જુદા વિદેશી ચલણ, જુદી-જુદી કંપનીના મોબાઈલ, કેમેરા, મોટરસાયકલ મળી કુલ રૂા. ૪૬,૪૯૫નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલા આરોપીઓએ આ ઘરફોડ ચોરી શહેરના નરોડા, વટવા તથા વટવા જીઆઈડીસી વિસ્તારમાંથી કરી હોવાનું કબુલ્યું છે. પકડાયેલ આરોપી જગદીશ ગુરખા અગાઉ પણ ઘરફોડ ચોરીના ગુનામાં સંડેવાયેલ છે. તો બીજી તરફ ક્રાઈમબ્રાન્ચના સ્ટાફ માણસોએ પાસાના વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસને પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે વટવા, મણીનગર વગેરે પોલીસ મથકમાં ચાર જેટલા વાહન ચોરીના ગુનામાં પકડાયેલ અને હાલ જામીન ઉપર છુટેલ તથા પાસા અટકાયતીના કામનો નાસતો ફરતો આરોપી પલક ઉર્ફે પરવેઝ પુરૂષોત્તમભાઈ ભાવસારને વીએસ હોસ્પિટલથી પકડી પાડયો છે. અને ભાવનગર જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરી છે.

દુ:ખદ અવસાન

પ્રાંતિજ, તા.૧૯

પ્રાંતિજના છાદરડા ગામના વતની મણીલાલના કાકા પ્રભુદાસ રેવાભાઈ નાયીનું જૈફ વયે નિધન થયું છે. જેઓનું બેસણું આવતી કાલ તા. ૨૧મી માર્ચ ૨૦૧૪ના રોજ તેમના નિવાસસ્થાન છાદરડા ખાતે બેસણું રાખવામાં આવ્યું છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧